# NATVARLAL VEPARI & CO.

*Chartered Accountants*

PAN:AADFN5448E

1st Floor, River Palace-II, Near Navdi Ovara, Nanpura, Surat 395 001. | www.vepari.com

Tel. : +91 261 305 7777, 246 5585 | Fax : +91 261 399 5511 | E-mail : vepari@youtele.com


## સુરત મહાનગર પાલિકા

## ઓડીટ અહેવાલ

### નાણાકીય નિવેદનો પર અહેવાલ

અમે આ સાથે રજુ કરેલ સુરત મહાનગર પાલિકાના તારીખ ૩૧મી માર્ચ ૨૦૧૫ના નાણાકીય પત્રકો જેમાં ૩૧મી માર્ચ, ૨૦૧૫ ના રોજનુ સરવૈયું, તેજ દિવસે પુરા થતા વર્ષનુ નફા-નુકસાન ખાતું, મહત્વ નીહિસાબી નીતિઓની, અન્યતુલનાત્મકમાહિતીઓ અને રોકડ પ્રવાહના પત્રકો તપાસ્યા છે.આ ઓડીટ અહેવાલ વર્ષ દરમિયાન સંપૂર્ણ વ્યવહારોની પ્રવૃતિઓને અનુસરીને નાણાકીય નિવેદનોના વિવિધ ખાતાવાહીઓને અનુરૂપ તુલના અને પૃથ્થકરણ સુધી જ મર્યાદિત કરવામાં આવ્યું છે. આ નિવેદનો તથા અહેવાલ માટે સુરત મહાનગર પાલિકા જવાબદાર છે અને સુરત મહાનગર પાલિકાની સ્થાયી સમિતિ દ્વારામંજુર કરેલ છે. અમારી જવાબદારી અમારા ઓડીટ પર આધારિત આ નાણાકીય નિવેદનો પર અભિપ્રાય વ્યક્ત કરવા પુરતી જ છે.

### નાણાકીય નિવેદનો માટે સુરત મહાનગર પાલિકાની જવાબદારી

સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિધ્ધાંતો અનુસાર ઉપરોક્ત નાણાકીય પત્રકો જે નાણાકીય પરિસ્થિતિ, નાણાકીય કામગીરી અને રોકડ પ્રવાહ માટે સાચુ અને યોગ્ય ચિત્ર દર્શાવે છે તે બતાવવાની જવાબદારી સ્થાનિક સત્તાના વહીવટી તંત્રની છે. આ જવાબદારીમાં મહાનગરપાલિકાના અક્સ્યામતોની સુરક્ષાં માટે અન્ય અનિયમિતતાઓને અટકાવવા અને શોધવા માટે; યોગ્ય હિસાબી નીતિઓની પસંદગી અને લાગુ પાડવા માટે; યોગ્ય અને વ્યાજબી નિર્ણયો અને અંદાજો માટે; અનેપૂરતા આંતરિક નાણાકીય

નિયંત્રણના માળખાના ઘડતર, અમલીકરણ અને જાળવવા માટે જે પૂરતા હિસાબી પત્રકો રાખ્યા છે કે તેની જવાબદારી પણ આવી જાય છે.

ઓડિટરની જવાબદારી

"The Standard on review engagement (SRI) - 2400","ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયા"દ્વારાબહાર પાડવામાં આવેલા "Engagement to review financial Statements" અનુસાર એક મર્યાદિત અવકાશ નું ઓડીટ હાથ ધરવામાં આવેલ છે. નાણાકીય નિવેદનો ખોટા નિવેદનોથી મુક્ત છે કે કેમ તે બાબતની વ્યાજબી ખાતરી મેળવવા માટે ઓડીટ હાથ ધરવામાં આવેલ છે. અમે ઓડીટમાં નૈતિક જરૂરિયાતનું પાલન કરેલ છે.

આ તપાસણી મુખ્યત્વે સ્થાનિક સુરત મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓની પૂછપરછ અને હિસાબી પધ્ધતિ અને નાણાકીય માહિતીને લાગુ પડતી વિશ્લેષણાત્મક કાર્યવાહી પૂરતું માર્યાદિત છે. અમે ઓડીટ હેઠળના તમામ મૂળ પરિક્ષણ કર્યા નથી.

મહત્ત્વની બાબતો

નાણાકીય નિવેદનો માટેની નોંધ નીચેની બાબતો પર ધ્યાન દોરે છે;નાણાકીય નિવેદન નોંધ ક્રમાંક '૪' જે નાણાકીય નિવેદનોના વ્યવહારની નોંધણીનો ઉલ્લેખ સુરત મહાનગર પાલિકા દ્વારાઅપનાવવામાં આવતી હિસાબની નીતિઓ અંગેનું સુચન આપે છે. અમારો અભિપ્રાય આ સંદર્ભના ફેરફાર બાબતે નથી.

**NATVARLAL VEPARI & CO.**
*Chartered Accountants*

અભિપ્રાય

ઉપર જણાવ્યા મુજબ અમારી મર્યાદા પર આધારિત ઓડીટ હાથ ધરવામાં આવ્યું હતું આ સાથે જોડેલ સુરત મહાનગર પાલિકાનો નાણાકીય અહેવાલ સ્વીકૃત હિસાબી પધ્ધતિઓ અને નીતિઓ અનુસાર તૈયાર કરેલ છે તેને લગતી જે માહિતીઓ જાહેર થવી જોઈતી હતી તે જાહેર ન થયેલહોય એવો વિશ્વાસ દોરે એવી કોઈ બાબત અમારા ધ્યાનમાં આવેલ નથી.

અમારા આજ તારીખ સુધીના જુદા અહેવાલ મુજબ
નાટવરલાલ વેપારીની કંપની વતી,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્
પેઢી નોંધણી ક્રમાંક : ૧૨૩૬૨૬ W

સ્થળ : સુરત
તારીખ: - 7 JUL 2017

રવીન્દ્ર વેપારી
(ભાગીદાર)
મેમ્બરશીપ નંબર ૦૦૬૭૨૮